# કીડીબાઈએ ખેતર ખેડ્યું



એક હતાં કીડીબાઈ. એમને નાનું ખેતર હતું. કીડીબાઈથી જાતે ખેતી થાય નહિ, એટલે તે મંકોડા પાસે ગયાં અને બોલ્યાં :

"મંકોડાભાઈ, ખેતર ખેડો,
પહેરાવું સોનાનો તોડો."

મંકોડાભાઈએ એકદમ ખેતર ખેડી નાખ્યું, પછી કીડીબાઈ ચકલાને કહે :

"ચકલાભાઈ, વેરોને ચણ,
બાજરી દઈશું પૂરી મણ."

ચકલાએ દાણા લાવીને આખું ખેતર વાવી દીધું, ત્યારે આકાશમાં કાળું ભમ્મર વાદળુ દેખાયું.

કીડી કહે :

"વાદળ, તું જો વરસે પાણી,
બારે મહિના થાય ઉજાણી."

વાદળ કીડીબાઈના ખેતરમાં વરસ્યું. ખેતરમાં ચારેકોર બાજરી ઊગી અને દાણાભરેલાં ડોડાં ડોલવાં લાગ્યાં. ત્યાં કબૂતર ચણવા આવ્યું.

કીડીબાઈ કહે :

"આઘાં રહેજો, ઓ પારેવાં !
અનાજ પૂરું દો ઊતરવા."

કબૂતર આઘાં રહ્યાં. કોઈએ બાજરી ચણી નહિ ને બાજરી ખૂબ પાકી. કીડીબાઈની કોઠી બાજરીથી છલકાઈ ગઈ.

હવે કીડીબાઈએ મંકોડાને બોલાવ્યો અને કહ્યું :

"ભાઈ, તારી મજૂરી કાળી,

તું બાજરીની ભર થાળી."

પછી ચકલાભાઈ આવ્યા. તેને પણ કીડીએ કહ્યું :

"ભાઈ, તારી મજૂરી કાળી,
તું બાજરીની ભર થાળી."

પછી આવ્યાં કબૂતર, કીડીએ તેમને કહ્યું :

"આમાં તમારો ભાગ છે ઘણો,
ચણો, પારેવાં, ચણો."

વાદળી દોડતી આવી. કીડીબાઈ જોઈને બોલ્યા :

"વાદળી, વાદળી,
લે તારી બાજરી."

વાદળી હસી પડી અને બોલી, "ના, કીડીબાઈ મારે જોઈએ પાણી. હું તો આ દરિયે ચાલી."

સંકલન : સંસ્કાર સુધા